INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૪-૦૮-૨૦૨૫**

- **ગુજરાત યુનિવર્સિટી બચાવો, ભ્રષ્ટાચાર બંધ કરોના નારા સાથે એન.એસ.યુ.આઈ તથા ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ સેને. સભ્યો વિદ્યાર્થી આગેવાનોનું હલ્લા-બોલ.**
- **યુનિવર્સિટીની કિંમતી જમીનો પથરાવી દેવાના કારસા તથા વિવિધ ભ્રષ્ટાચારના મુદ્દે જવાબ માંગવા છતા કુલપતિશ્રીનું ભેદી મૌન**
- **વિધાર્થીઓ માટે થઈ ને કુલપતિ ને ૭૨ કલાકમાં યોગ્ય નિર્ણય લેવા માટે સમય આપવામાં આવ્યો છે. જો યોગ્ય નિર્ણય અને પગલા નહી લેવાય તો આગામી દિવસો માં કોલેજ બંધ, ધરણા જેવા અનેક વિરોધ પ્રદર્શનો સાથે આક્રમક ગુજરાત યુનિવર્સિટી બચાવો આંદોલન કરવામાં આવશે.**

ગુજરાત યુનિવર્સિટી બચાવો અભિયાન હેઠળ ગુજરાત કોંગ્રેસ ના કાર્યકારી પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ ના નેતૃત્વ માં ગુજરાત યુનિવર્સિટીના ભ્રષ્ટાચારો ની હારમાળા વિરુદ્ધ પૂર્વ સિન્ડિકેટ સભ્ય, પુર્વ સેનેટ સભ્ય, વિધાર્થીઓ, NSUI સાથે મળીને ઢોલ-નગારા સાથે હલ્લાબોલ કરવામાં આવ્યો હતો. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ને યુનિવર્સિટીમાં આચરાયેલા ઢગલાબંધ ભ્રષ્ટાચાર ના મુદ્દે જવાબ માંગવામાં આવ્યો હતો. વિધાર્થીઓ માટે થઈ ને કુલપતિ ને ૭૨ કલાકમાં યોગ્ય નિર્ણય લેવા માટે સમય આપવામાં આવ્યો છે. જો યોગ્ય નિર્ણય અને પગલા નહી લેવાય તો આગામી દિવસો માં કોલેજ બંધ, ધરણા જેવા અનેક વિરોધ પ્રદર્શનો સાથે આક્રમક ગુજરાત યુનિવર્સિટી બચાવો આંદોલન કરવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા સરકાર નિયુક્ત સિન્ડિકેટ સભ્ય આશિષ અમીન ની દ્રોણાચાર્ય રાઇફલ ક્લબ ને ૧૦૦૦૦ વાર જગ્યા ફાળવી દીધી. અમદાવાદ ના મધ્યમાં આવેલ ગુજરાત યુનિવર્સિટી ની ૫૦૦ કરોડની જમીન મફતમાં સિન્ડિકેટ સભ્ય આશિષ અમીનની સંસ્થાને આપી દીધી છે. જે સંસ્થાના સંચાલક જમીન માંગે તેજ પોતે યુનિવર્સિટીમાં જમીન આપવાની કમિટીમાં બેસે તે વાડ જ ચીભડાં ગળી ગઈ નું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આશિષ અમીનની સંસ્થાને આખેઆખું વિશ્વ કક્ષાનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સિન્ડિકેટની સંસ્થાને અનુકૂળ પડે તેમ ગુજરાત યુનિવર્સિટી દ્વારા બાંધી આપશે, જે પહેલા સંસ્થા દ્વારા બાંધવાની શરત હતી. ટેન્ડરની શરત પ્રમાણે કોઈ પણ રાષ્ટ્રીય, અંતરરાષ્ટ્રીય શૈક્ષણિક, ટ્રેનિગ ઈવેન્ટ હોસ્ટ તરીકે સંસ્થા હોય તેમાં આવનારા પ્રતિનિધિ ની વૈભવી હોટેલ માં રહેવા, આલીશાન સ્પોર્ટ્સ હોસ્ટેલ તથા તેમના ખાણીપીણી ની વ્યવસ્થા સંસ્થાને કરવાની જોગવાઈ બદલી તે ખર્ચ ગુજરાત યુનિવર્સિટી પોતે ઉઠાવશે જાણે કે યુનિવર્સિટી ના આંગણે લગન હોય. આ ક્લબમાં ખાણીપીણી સાથે અધ્યતન વ્યવસ્થા થી સજ્જ જિમાન્શિયમ સહિત ની વ્યવસ્થા ટેન્ડરની પૂર્વ શરત મુજબ ક્લબ દ્વારા કરવાની હતી તે શરત બદલી ને તે ખર્ચ ગુજરાત યુનિવર્સિટીના માથે લઈ લીધો. વિજળી, હાઉસકીપીંગ (સાફસફાઈ), સિક્યોરિટી, પાણી, ડ્રેઇનેજ ની વ્યવસ્થા ક્લબ દ્વારા કરવાની શરત હતી તેને બદલી ગુજરાત યુનિવર્સિટી દ્વારા આ ખર્ચ ને ચૂકવવા માં આવશે. ગુજરાત યુનિવર્સિટી ના કરોડો રૂપિયા ના ખર્ચે વૈભવી ક્લબ નું સંચાલન થશે.

ગુજરાત યુનિવર્સિટી ના સરકાર નિયુક્ત સિન્ડિકેટ સભ્ય દ્વારા યુનિવર્સિટીના અધિકારી જોડે ૭૫ લાખની ખંડણી માંગવામાં આવી હતી, તે ઘટનાને ધ્યાનમાં રાખી હજી સુધી ગુજરાત યુનિવર્સિટીના સત્તાધીશો દ્વારા પોલીસ ફરિયાદ કેમ કરવામાં નથી આવી તે સવાલ કુલપતિને પૂછવામાં આવ્યો હતો.

ગુજરાત યુનિવર્સિટીની ૨૫૦ કરોડથી વધુ કિંમતની ૧૫૦૦૦ વાર જગ્યા રાધે એન્ટરપ્રાઇઝ, રાણીપને ભાડે અગીયાર મહિના માટે પધરાવી દીધી. જ્યારે કોમન એક્ટનો કાળો કાયદો લાગુ થયો ત્યારે વારંવાર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે યુનિવર્સિટીઓમાં લોકતંત્ર ખતમ થશે તો સત્તાધીશો યુનિવર્સિટીની જમીનનો વેપલો કરીને વેચી નાખશે. કોઈ પણ પ્રકારના ટેન્ડર વગર આટલી કિંમતી જમીન, રાધે એન્ટરપ્રાઈઝને ફાળવવામાં આવી તે મુદ્દે સવાલ કરવામાં આવ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીમાં દલા તરવાડી જેવો તાલ છે લઈ લઉં બે ચાર ના લઈ જાવને દસ બાર.

ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલ જે અમારી માહિતી મુજબ ૨૫ કરોડના ખર્ચે બની હતી તેના રિનોવેશનમાં ૪૦ કરોડ ખર્ચાયા તેવો સવાલ માં કુલપતિ એ સ્વીકાર્યું ૩૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જોરદાર કેહવાય ને એક નવા કન્વેન્શન સેન્ટર જેટલો ખર્ચ રીનોવેશન. આ તે કેવો વહીવટ ?

કુલપતિના પરિવાર માંથી કોઇનું ઓએનજીસીમાં કનેક્શન છે કે શું? શું તે કારણ થી ઉચ્ચ હોદ્દા ઉપર ઊંચા પગારએ તેમને ગોઠવી દેવા માં આવ્યા છે? જી.યુ.સેક માં શ્રીનિવાસ રાવ સુરેડ્ડી (સી.ઈ.ઓ), બિશ્વજીત અધિકારી (સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ),માનસિંગ રાઠોડ- (સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ),યુનિવર્સિટી ચીફ એકાઉન્ટ ઓફિસર દિનેશ કુમાર, એસ્ટેટ ઓફિસર ચંદ્રશેખર ઝા. સેન્ટર ફોર પ્રોફેશનલ સ્ટડીઝ (સીપીસી), પાવન પંડિત ડાયરેક્ટર, રાજ ચાવલા, (ઈ.એમ.આર.સી), પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ, ઇન્ચાર્જ ડાયરેક્ટર ઈ.એમ.આર.સી. (બે જગ્યાએથી પગાર લે છે)

આ ભાઈ સીપીસીમાં એક વર્ષ થી વધુ સમયથી પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ છે અને તેનો પગાર પણ ચૂકવાય છે છતાં તેઓ કોઈ પણ પ્રકારની ટીચિંગ કામગીરી નથી કરી રહ્યા, તેઓ માત્ર ઈએમઆરસી માં જ બેસી રહે છે અને ઈએમઆરસી માંથી પણ પગાર ચૂકવાય છે. ગણેશ ચોકીયાલ પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ ગુજરાત યુનિવર્સિટી ઘણા લોકો માટે લાખેણી ગાય બની ગઈ છે, તેઓને લાખો રૂપિયામાં પગાર ચૂકવવામાં આવી રહ્યો છે જેની સામે તેઓની કામગીરી જરા પણ નોંધપાત્ર નથી, આ તમામ લોકોની જગ્યા પર પહેલા ગુજરાત યુનિ. ના કાયમી કર્મચારીઓ કામ કરતા જ હતા પણ તેમની જગ્યાએ બહારથી વધુ પગાર ચુકવીને લોકોને લાવવામાં આવ્યા છે, અમુક લોકોને એક જ સંસ્થામાં બે અલગ અલગ જગ્યાએથી પગાર ચુકવામાં આવી રહ્યો છે. એક વ્યક્તિ ઓફિસ સમય દરમ્યાન એક જ જગ્યા પર કામ કરી કરી શકે તો તેમને બે જગ્યાએથી પગાર કેવી રીતે ચૂકવી શકાય ?

હાલમાં જો સરકાર દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવે તો છેલ્લા અમુક સમય દરમ્યાન અનેક કર્મચારીઓને એક જ ઓફિસ સમય દરમ્યાન યુનિવર્સિટી માં બે અલગ અલગ જગ્યાઓ પર કામ કરવાનો અલગ અલગ પગાર ચૂકવવામાં આવી રહ્યો છે.

શું ગુજરાત યુનિવર્સિટી ની ૨૪૦ કરોડની ફિક્સ ડિપોઝિટ તોડવામાં આવી છે? શું વિવિધ પરીક્ષા કામગીરીના નામે ૬૦ લાખ રૂપિયા, યુનિવર્સિટીના ભથ્થા લેનાર કર્મચારીઓ ને વિશેષ ભથ્થાની લહાણી કરવા માં આવી હતી ?

કુલપતિ ને સવાલ કરવામાં આવ્યો હતો કે યુનિવર્સિટી સ્પોર્ટ સંકુલ જાતે ચલાવે છે તેવો પરિપત્ર કરવામાં આવે છે અને બીજી બાજુ બેડમિન્ટન અને ટેનિસ કોર્ટ માં ખાનગી એકેડેમી વિધાર્થીઓ પાસે મોટી રકમ ઉઘરાવી રહી છે.

આ કાર્યક્રમ માં કોંગ્રેસ ના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી, પ્રદેશ મહામંત્રી હિમાંશુભાઈ પટેલ, પાર્થિવરાજસિંહ કઠવાડિયા, નિકુંજ બલર, ઉમાકાન્ત માંકડ સહિત સિનિયર આગેવાનો, પુર્વ સેનેટ સભ્ય, વિધાર્થીઓ મોટી સંખ્યા માં જોડાયા હતા. મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થી આગેવાનો, એન.એસ.યુ.આઈ.એ ભારે સૂત્રોચ્ચાર સાથે રેલી સ્વરૂપે યુનિવર્સિટી સત્તાધીશોનો જવાબ આપો, ભ્રષ્ટાચાર બંધ કરો, યુનિવર્સિટી બચાવોના નારા સાથે પહોંચ્યા હતા..

(ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા, મો. 9898134146